# પાલનપુરમાં બાઈક પર વિદેશી દારૂની હેરાફેરી કરતો શખ્સ ઝડપાયો

### પોલીસે દારૂ સહિત રૂ.૩૬ હજારના મુદ્દામાલ સાથે આરોપીની અટક કરી

પાલનપુર,તા. ૨

પાલનપુરમાં અમદાવાદ હાઈવે પર એક ઈસમ બાઈક પર વિદેશી દારૂ ની હેરાફેરી કરી રહ્યો હોવાની બાતમીના આધારે એલસીબી પોલીસ ની ટીમે વોચ ગોઠવીને વિદેશી દારૂ સાથે એક બાઈક સવાર ને ઝડપી પાડી રૂ.૩૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરમાં આકેસન તરફ થી એક ઈસમ બાઈક પર વિદેશી દારૂ લઈ ને આવી રહ્યો હોવાની બાતમીના આધારે એલસીબી પોલીસની ટીમે અમદાવાદ હાઈવે પર ઓવરબ્રિજના નાળા પાસે વોચ ગોઠવી બાતમી વાળું બાઈક આવતા તેને રોકી બાઈક સવારની પૂછતાછ કરતા તેને તેનુ નામ કિરીટ જયચંદ ભાઈ પરમાર રહે.સૂરજપાર્ક સોસાયટી આકેસણ રોડ પાલનપુર વાળો હોવાનું જણાવ્યું હતું તેની પાસે થી રૂ.૩૦૩૫ ની કીમત નો ૧૩ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે દારૂ તેમજ બાઈક મળી કુલ.રૂ.૩૬૦૩૫ નો મુદ્દામાલ કબજે કરી આરોપી વિરૂદ્ધ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

# તલોદ મોડાસા રોડ પર આવેલ ઈકો કાર અને બાઈક સામસામે અથડાતાં ત્રણેક વ્યક્તિ ને ઈજા પહોંચી




તલોદ, ૨

જેઓને તબીબી સારવાર અર્થે તલોદ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર આપી હતી પરંતુ વધું સારવાર માટે હિમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે

આ અંગે મળતી માહિતી મુજબ તલોદ શહેરના તલોદ મોડાસા રોડ પર આવેલા પેટ્રોલ પંપ નજીક તલોદ બજાર તરફથી આવતી ઈકો કારજી જે ૦૯ બીકે ૧૭૧૬ અને બોરિયા બેચરાજી તરફથી ત્રણ સવારી આવતા ડી જી બાઈક ચાલક જી જે ૦૯ ૬૦૧૬ ઈકો કાર સાથે સામ સામે અથડાતાં બાઈક ચાલક ઈકો કાર માં ઘુસી જતા બાઈક પર સવાર (૧)બહાદુર સિંહ ઝાલા (૨) ઈન્દ્રસિંહ ઝાલા (૩) ધર્મેન્દ્ર સિંહ ઝાલા ત્રણેય રહેવાસી બોરીયા બેચરાજી તા તલોદ ને ગંભીર ઈજાઓ પહોંચતા પ્રાથમિક સારવાર માટે ૧૦૮ મારફતે તલોદ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા પરંતુ ત્રણેય ઈજાગ્રસ્ત ને માથાના અને પગ ના ભાગે ફેક્ચર હોઈ ભાગે ગંભીર ઈજા પહોંચી હોઈ વધું સારવાર માટે હિમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે આ અંગે તલોદ પોલીસે ગુનો નોંધી વિસ્તૃત તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે

અત્રે નોંધનીય છે કે તલોદ પોલીસ ની ટ્રાફીક નિયંત્રણ ની નબળી કામગીરી ના કારણે દ્વિચક્રી વાહન ચાલકો બેફામ દોડી રહયા છે જેના કારણે અકસ્માતો સર્જાતા હોય છે તલોદ પોલીસ અને આરટીઓ સંયુક્ત રીતે ટ્રાફીક ડ્રાઈવ યોજી બેફામ દોડતા દ્વિચક્રી વાહન ચાલકો સામે યોગ્ય પગલાં લેવા લોકમાંગ પ્રબળ બની છે

# મેઘરજના રામગઢી ગ્રામ પંચાયતના રાજપુર ગામમાં પાણીનો પોકાર, પરિવારો એક બેડા પાણી માટે દર દર ભટકી રહ્યા છે

### સરકાર દ્વારા ગામડે ગામડે પાણી પહોચાડ્યું હોવાના દાવા પોકળ સાબિત થયા હોય તેવા દ્રશ્યો



મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારો આઝાદીના ૭ દાયકા બાદ પણ વિકાસની પાપા પગલી માંડી રહ્યા છે ગુજરાત-રાજસ્થાન સરહદ પર આવેલા અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના રામગઢી ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ રાજપુર ગામના ૪૦૦ જેટલા પરિવારો પાણીની વિકટ સમસ્યાનો અનુભવ કરી રહ્યા છે સવાર પડતા પરિવારની મહિલાઓ પાણીના બેડા સાથે દર દર ભટકી રહ્યા છે સરકરની એસકે-૨ યોજના અને નલ સે જલ યોજનાના પોકળ દાવાઓ આ વિસ્તાર માટે સાબિત થઈ રહ્યા છે. ગુજરાત રાજસ્થાન સરહદે મેઘરજ તાલુકાના રામગઢી પંચાયત વિસ્તારના અંતરિયાળ રાજપુર ગામ અને તેની આસપાસ લગભગ ૪૦૦ જેટલા મકાનો છે ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલા લોકો વસવાટ કરી રહ્યા છે અને મુખ્યત્વે ખેતી અને પશુપાલન ના વ્યવસાય પર નિર્ભર છે દરરોજ વહેલા ખેત મજૂરી એ જવું પડે છે ત્યારે આ વિસ્તારમાં પાણીની ભારે પારાયણ છે રહીશો મહિલાઓ ને પાણી માટે દર દર ભટકવું પડે છે દરરોજ વહેલા મહિલાઓ ઘરનું કામકાજ ,બાળકો ને શાળા કોલેજ મોકલવા આ તમામ કામ છોડી વહેલી સવારથી પાણી પાછળ થઈ લાગવુ પડેછે સરકાર ના પાણી પુરવઠા વિભાગ દ્વારા કરોડો ના ખર્ચે પાણી પુરવઠા ની એસકે -૨ , એસકે - ૩ યોજના હેઠળ પાઈપલાઈન અને સંપ દ્વારા પાણી પહોંચાડયા ના પોકળ દાવા કરવામાં આવ્યા છે પરંતુ જમીની હકીકત કંઈક અલગ છે આ વિસ્તાર માં પાણી સમસ્યા ને લઈ ગ્રાઉન્ડઝીરો રિપોર્ટ કરવામાં આવ્યો તો રાજપુર ગામ માં એક સદગ્રહસ્ત ના ઘર આગળ કરેલ બોર માંથી ગામ ની તમામ મહિલાઓ બેડા માટલા ડોલ લઈને પાણી માટે લાઈનો લગાવે છે એ બોર માંથી પણ પૂરતું પાણી આવતું નથી દર અડધો કલાકે એક બેડું પાણી મળી રહે છે. ગામ માં પશુપાલન મુખ્ય વ્યવસાય હોવાથી દરેક ના ઘર આગળ નળ છે પરંતુ પાણી પુરવઠા વિભાગ ની બેદરકારી ના કારણે એ નળ માં હજુ સુધી જળ નથી આવ્યું સરકાર ના કરોડો ખર્ચેલા નાણાં જાણે પાણી માં ગયા હોય એવું લાગી રહ્યું છે.પાણીની સમસ્યા અંગે અગાઉ પણ રામગઢી પંચાયત વિસ્તારના ભૂતિયા, રામગઢી અને રાજપુર સહિત ગામ ના અગ્રણીઓએ અનેક વખત તંત્ર માં રજુઆત કરી છે પણ રામગઢી પંચાયત ઉપર તંત્ર ના ચાર હાથ હોઈ એમ બહેરા તંત્ર ને રાજપુર ગામ ના રહીશો ની રજુઆત સંભળાતી નથી ત્યારે આ વિસ્તાર માં જનતા ને પાણી મળે અને નલસે જલ યોજનાનો લાભ મળે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે.

# શામળાજીમાં બોર્ડર વિલેજ યોજના હેઠળ ૪૩૭ વિધવા મહિલાઓને ગાય-ભેંસ ખરીદવા માટે સહાય અપાઈ

### ભિલોડા-મેઘરજ તાલુકાના ૨૫ ગામની મહિલાઓની ઉપસ્થિતિ

બાયડ, તા.૦૨

ભિલોડા તાલુકાના શામળાજી ગાયત્રી મંદિરમાં સાબરડેરી અને પ્રાયોજના વહીવટદાર ઓફીસ દ્વારા બોર્ડર વિલેજ યોજના હેઠળ ભિલોડા અને મેઘરજ તાલુકાના ગામોનો સમાવેશ કરી તે પૈકી ભિલોડા, મેઘરજ તાલુકાના ૨૫ ગામોની ૪૩૭ વિધવા મહિલા લાભાર્થીઓને ગાયો અને ભેંસોની સહાય આપવામાં આવી હતી. મળતી જાણકારી અનુસાર લાભાર્થીઓને હાથો હાથ લાભ મળે તે માટે સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે તે મુજબ અરવલ્લી જિલ્લા પ્રાયોજના વહીવટદારની અધ્યક્ષતામાં આયોજન કરવામાં આવ્યું જેમાં લાભાર્થીઓને ૬૭,૫૦૦ રુની સહાય દ્વારા ગાય અને ભેંસ આપવામાં આવી હતી. દૂધના ધંધામાં વધારો થાય અને પશુપાલનનો વ્યવસાય કેવી રીતે વિસ્તારી શકાય તે બાબતે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. પ્રાયોજના અધિકારી પ્રિયેશાબેન પટેલ, સાબરડેરીના પ્રોજેક્ટ મેનેજર ડૉ.આર.વી.પટેલ,



શામળાજી ઈન્ચાર્જ એમ.પી.ઓ. હેમંત પટેલ સહિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાંતા અને અમીરગઢ પંથકમાં વાવાઝોડાથી કેરીના પાકમા વ્યાપક નુકશાન....?!!!

### કમોસમી વરસાદ સાથે વાવાઝોડું ફૂંકાતા આંબાઓ પર થી કેરીઓ ખરી પડી : કેરીનો પાક નિષ્ફળ જતા પાંચ હજાર જેટલા આદિવાસી પરીવારોની આજીવિકા છીનવાઈ



પાલનપુર,તા. ૨

બનાસકાંઠા જીલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકાના પર્વતીય તેમજ જંગલ વિસ્તારમા ૫૦ હજાર જેટલા આંબાનાં ઝાડ પર દર વર્ષે કેરીનો મબલક પાક ઉતરે છે અને પાંચ હજાર જેટલા આદિવાસી લોકો આ કેરીના વ્યવસાય સાથે જોડાયેલા છે પરંતુ આ વર્ષે કમોસમી વરસાદ અને વાવાઝોડું ફૂંકાતા આંબા ના ઝાડ પર થી કેરીઓ ખરી પડતા કેરીના પાકમાં ૬૦ થી ૭૦ ટકા જેટલું નુકસાન થવા પામ્યું છે જેને લઈને આદિવાસી લોકોની આજીવિકા છીનવાઈ જવા પામી છે. આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે , બનાસકાંઠા જિલ્લામાં અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલ વિસ્તારમાં અસંખ્ય આંબાના વૃક્ષો એવલા છે જેને લઈ દર વર્ષે આંબાઓ પર કેરીનો મતલબ પાક થાય છે દાંતા,અંબાજી, હદાડ અને અમીરગઢ પથંકમાં જંગલ વિસ્તારમાં રહેતા પાંચ હજાર જેટલા આદિવાસી લોકોએ આંબાના વૃક્ષોનું જતન કરી અને આ ૫૦ હજાર જેટલા આંબા ઉપરથી કેરીઓનો પાક લઈ રોજગારી મેળવે છે જોકે આ જંગલ અને પર્વતીય વિસ્તારમી દેશી કેરી ને આંબા પર થી ઉતર્યા બાદ તેને ખાખરાના ઝાડના પાંદડા માં પકવવામાં આવતી હોય આ દેશી કેરીના સ્વાદમાં અલગ મીઠાસ હોવાના કારણે લોકોમાં કેરીની માંગ રહેતી હોય આદિવાસી લોકો દેશી પદ્ધતિ થી પકવેલી દેશી કેરી પચાસ થી સાઈઠ રૂપિયે કિલો કેરી વેચી પોતાના પરિવારની ગુજરાન ચલાવતા હોય છે પરંતુ રવિવારે કમોસમી વરસાદ સાથે વાવાઝોડું ફૂંકાયું હતું જેમાં મોટા ભાગના આંબાઓ પર થી કેરીઓ ખરી પડતા કેરીના પાકમાં ૬૦ થી ૭૦ ટકા જેટલી નુકશાન થતા કેરીના વ્યવસાય સાથે જોડાયેલા પાંચ હજાર જેટલા વનવાસી લોકોની આજીવિકા છીનવાઈ જતા આ પરિવારો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા છે

# પાલનપુરમાં સામાન્ય વરસાદમાં ગણેશપુરાનો આંબાવાડી વિસ્તાર બેટમાં ફેરવાયો

### રહેણાંક વિસ્તારમાં ઢીચણ સમુ પાણી ભરાઈ જતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા : છેલ્લા પાંચ વર્ષથી વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યાનો ઉકેલ ના આવતા લોકોમાં રોષ



પાલનપુર,તા. ૨

પાલનપુરમાં રવિવારની રાત્રે ખાબકેલા એક ઈંચ વરસાદ માં અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા જેમાં છેલ્લા પાંચ વર્ષથી વરસાદી પાણીના ભરાવાની સમસ્યાનો સામનો કરી રહેલા ગણેશપુરાના આંબાવાડી વિસ્તારમાં પણ ઢીચણ સુધી પાણી ભરાઈ જતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા હતા જોકે દર ચોમાસા ની ઋતુમાં સામાન્ય વરસાદમાં આ વિસ્તાર બેટ માં ફેરવાઈ રહ્યો હોય પાલીકા તંત્ર દ્વારા આ વિસ્તારમાં વરસાદી પાણીનો કાયમી નિકાલ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરમાં રવિવાર ની મોડી સાંજે ગાજવીજ સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો જોકે એક કલાકમાં એક ઈંચ જેટલો વરસાદ પડતાં શહેરના અનેક નીચાણ વાળા વિસ્તારો વરસાદી પાણી ભરાઈ જતાં લોકો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યો હતો જેમાં પાલીકાના વોર્ડ નંબર અગિયારમા સમાવિષ્ટ ગણેશપુરાના આંબાવાડી વિસ્તાર આ સામાન્ય વરસાદમાં બેટમાં ફેરવાઈ જવા પામ્યો હતો નહિ જાહેર માર્ગ ઉપર અને લોકોમાં મકાનો આગળ ઢીચણ સમુ પાણી ભરાઈ જતાં લોકોને અવર જવર કરવામાં ભારે હાલાકી ભોગવવી પડી હતી જોકે અહી વરસાદી પાણીના વહેણ પણ બિલ્ડરો દ્વારા પાકા બાંધકામ કરી દેવામાં આવતા હાલ વરસાદી નો અન્ય કોઈ જગ્યાએ નિકાલ ન હોય સામાન્ય વરસાદમાં જ આ વિસ્તાર બેટમાં ફેરવાઈ જાય છે અને ભારે વરસાદમાં લોકોના મકાનોમાં પાણી ભરાઈ જતું હોય લોકોને ઘર વખરી ને ભારે નુકશાન વેઠવું પડે છે ત્યારે નગરપાલીકા દ્વારા આ વિસ્તારની વરસાદી પાણી ભરાઈ જવા ની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી ઉગ્ર લોક માંગ ઉઠી છે

# પાલનપુરના પારપડા રોડ પર રેલવે નાળા નીચે પાણીના ભરાવાથી હાલાકી

### રેલવે નાળા નીચે વરસાદી પાણીના નિકાલ વ્યવસ્થા કરવામાં ન આવતા લોકોમાં રોષ



પાલનપુર,તા. ૨


પાલનપુરમાં પારપડા રોડ પર પસાર થતી રેલવે લાઈન નીચે વાહનોની અવરજવર માટે નાળું બનાવવામાં આવેલ છે જેમાં વરસાદી પાણીના નિકાલ ની કોઈજ વ્યવસ્થા કરવામાં આવી ન હોય તાજેતરમાં પડેલ વરસાદ થી નાળા માં પાણીનો ભરાવો થયો હોય આ માર્ગે પસાર થતા વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જોશી પાલનપુર જણાય છે કે , પાલનપુરના પારપડા રોડ પર આવેલ રેલવે નાળા નીચે વરસાદી પાણીનાં નિકાલની વ્યવસ્થા કરવામાં ન આવતા અહી સામાન્ય વરસાદમાં જ પાણી ભરાઈ જાય છે જેમાં રવિવારે સાંજે પડેલ એક ઈંચ વરસાદ માં આ નાળા નીચે ઢીચણ સમુ પાણી ભરાઈ જવા પામ્યું હતું જોકે આ નાળા વાળા માર્ગે વીસ થી પચીસ ગામોને જોડતો માર્ગ હોય આ નાળા નીચે દરરોજ હજારો વાહનો પસાર થઈ રહ્યા હોય વાહન ચાલકોને પાણી ભરેલા નાળા માંથી જીવના જોખમે વાહનો લઈ ને પસાર થવાની ફરજ પડી રહી છે જોકે ચોમાસામાં ભારે વરસાદમાં આ નાળું પાણીથી ભરાઈ જાય અને તેના કારણે રસ્તો બંધ થાય તે પહેલાં જવાબદાર તંત્ર દ્વારા નાળા માં ભરાતા વરસાદી પાણીનો કાયમી નિકાલ ની વ્યવસાય કરવા આવે તેવી લોકો માંગ ઉઠી છે

# પ્રાંતિજ ત્રણ રસ્તા બસસ્ટેશન પાસેથી બાઈકની ચોરી....!!!!

### દિવસે પાર્ક કરેલ બાઇક ચોરાતા બાઇક માલિક દ્વારા પોલીસ ફરિયાદ કરી : અજાણ્યા બાઇક ચોર વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ ૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ત્રણ રસ્તા બસસ્ટેશન પાસે




પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યો બાઈક ચોર ચોરી જતા બાઈક માલિક દ્વારા પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ ખાતે રહેતા શૈલેષ કુમાર નટવરભાઈ પરમાર કે જેવો ને હિંમતનગર ખાતે કામ હોય અને તેવો કામ અર્થે તેવોનુ પોતાનુ બાઈક લઈ ને ધરે થી નિકળ્યા હતા પણ પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ ત્રણ રસ્તા ખાતે આવેલ બસસ્ટેશન પાસે રહેલ પીપળા ના ઝાડ નીચે તેવોનુ બાઈક પાર્ક કરી તેવો પ્રાઈવેટ વાહનમા હિંમતનગર ખાતે ગયા હતા અને તેવો સાજે કામ પતાવી સાંજના છ વાગ્યે પરત આવતા તેવોએ પાર્ક કરેલ બાઈક સ્પેન્ડર બાઈક નંબર જીજે૦૯ઢ્ઢ-૩૩૫૯ જેની કિંમત ૬૩,૦૦૦ જે તેવોએ પોતાનુ બાઈક પાર્ક કરેલ જગ્યાએ ના મળી આવતા આજુબાજુ તપાસ કરતા ત્યાંથી મળી ના આવતા આખરે બાઈક માલિક શૈલેષ કુમાર નટવરભાઈ પરમાર રહે .ગ્રીનપાર્ક પ્રાંતિજ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા મુળ.સાંપડ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૭૯ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી.

# ધડકણમાંથી બે મોબાઈલ ૮૦,૦૦૦ના તો પ્રાંતિજમાંથી ૨૦,૦૦૦ના મોબાઈલની ચોરી

### પ્રાંતિજ ના ધડકણ ખાતેથી બે મોબાઈલ તથા પ્રાંતિજ દુકાન માંથી એક મોબાઈલ ચોરાયો : મોબાઈલ ચોરાતા મોબાઈલ માલિકો દ્વારા પોલીસ ફરિયાદ કરી : પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી તપાસ હાથ ધરી

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ધડકણ ખાતે થી રાત્રીના સમયે ઓશીકા નીચે મુકેલ બે મોબાઈલ ચોરાયા તો પ્રાંતિજ ખાતે કપડા ની દુકાન ના કાઉન્ટર ઉપર રહેલ મોબાઈલ ચોરાતા પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ ના ધડકણ ખાતે આવેલ જમીન માલિક રમેશભાઈ મહાદેવભાઈ શર્મા કે જેવોની જમીન તેવોના મિત્ર ને બગીચા મા વપરાતા ઝુલા તથા લપસણીયો બનાવવાની હોય તેવોના મિત્ર વિવેક શર્મા ને જમીન આપી હોય જેથી વિવેક શર્મા રાત્રી ના ૧૨ વાગ્યા સુધી કામચાલુ હોય તેવો રાત્રીના ત્યાજ સુંઈ જતા તેવોએ પોતાના બે મોબાઈલ જેમા આઈફોન કંપની આઈફોન -૧૨ પ્રો મેક્સ મોબાઈલ જેની કિંમત ૭૦,૦૦૦ નો તથા ઓપો કંપની નો એફ-૯ જેની કિંમત-૧૦,૦૦૦ મળી કુલ ૮૦,૦૦૦ ના બન્ને મોબાઈલ ચોરી કરી કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ જતા મુજુરો સહિત ની પુછપરછ કરતા આખરે કોઈ જગ્યાએ મળી ના આવતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા જમીન માલિક રમેશભાઈ મહાદેવભાઈ શર્મા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરી હતી તો પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ન્યુ સેવન માર્ટની દુકાન ના કાઉન્ટર ઉપર મુકેલ -હ્વ-૧૫ મોડલ જેની કિંમત- ૨૦,૦૦૦ જે મોબાઈલ કોઈ ચોર ઈસમો કાઉન્ટર ઉપર થી ચોરી જતા પ્રાંતિજ પોલીસ માં મોબાઈલ માલિક કલ્પેશ કુમાર રાજેશભાઈ પટેલ દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળની તપાસ હાથધરી હતી.